**મે. સુરતની શ્રમ અદાલત નં.૩ ના ન્યાયધીશશ્રી (એસ.ડી.) તથા એડી. ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં.૧૦૭૮/૨૦૨૫**
**આંક : ૧૮**

**ફરીયાદી : શ્રી સરકાર પક્ષે શ્રી ડી. એન. શાહ**
નાયબ શ્રમ આયુકતની કચેરી, એ/૬, બહુમાળી મકાન,
નાનપુરા,સુરત.
સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન અધિનિયમ
હેઠળના નિરીક્ષક, સુરત.

**// વિરૂધ્ધ //**

**આરોપીઓ :(૧)બ્લુ માઉન્ટેન રિસોર્ટ એન્ડ હોસ્પિટલિટી એલએલપી–કંપની**
**(૨) આકાશ કપિલ દેવ–ભાગીદાર**
૪૧૨, સ્ટાર વર્લ્ડ, બાગબાન સર્કલ નજીક,
ગ્રીન સિટી, પાલ–અડાજણ, સુરત.

**ગુનો: ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ:૨૬–ડી, ૨૬–બી(૧), ૨૧(૧)(i) ના ભંગ અન્વયે.**

**// ચુકા દો //**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી ધ્વારા હાલના આરોપીઓ સામે ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ: ૨૬–ડી, ૨૬–બી(૧), ૨૧(૧)(i) ના ભંગ અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ની કલમ–૨૨(એ) હેઠળ શિક્ષાને પાત્ર ગુના સંદર્ભેની ધોરણોસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતા ઈન્કવાયરી કરી ગુના સંદર્ભે કોગ્નીઝન્સ લઈ આરોપીઓ વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. આરોપીઓને સમન્સ બજી જતા આરોપીઓ હાજર થયેલ છે. આજરોજ આરોપીઓ હાજર હોય જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે.

**(૨)** આ કામે આરોપીઓએ આંક–૧૪ અને આંક–૧૫ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આ કામે આરોપીઓને ગુનાની વિગતો જણાવી ગુનો

કબુલ છે કે કેમ? તે અંગેની પ્લી આંક–૧૬ અને આંક–૧૭ થી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપીઓએ ગુનો સ્વૈચ્છાએ કબુલ કરતા હોવાનું તથા કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલાત પુરસીસ રજુ કરી સહી કર્યાનું કબુલ કરેલ છે. વધુમાં આરોપીઓએ જણાવેલ છે કે, તેઓ આરોપીઓનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને કાયદાની અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે, આ ગુના બદલ તેઓ અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરે છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો ન બને તેની પુરેપુરી ખાત્રી અને ભરોસો આપે છે, તેઓને કેદની સજા કરવામાં આવે તો ધંધા, રોજગાર બંધ થઈ પડે તેમજ તેઓના પરિવારને તેમજ સંસ્થાના કામદારોને પણ તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે. જેથી તેઓ આરોપીઓને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીઓ સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ : ૨૬–ડી, ૨૬–બી(૧), ૨૧(૧)(i) નો ભંગ કરી લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪ ૮ની કલમ–૨૨(એ) મુજબનો શિક્ષા પાત્રને ગુનો કરેલ છે. તે સંજોગામાં આરોપીઓ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં.૭૦૯ પર આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આ કામના આરોપીઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે

ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે તક આપવામાં આવે તે યોગ્ય અને ન્યાયી જણાય છે. અગાઉ આરોપીઓએ આવા પ્રકારનો ગુન્હો કરેલ હોય કે દોષીત ઠરેલ હોય તેવી કોઈ રજુઆત નથી. આરોપીઓ સામેનો આ પ્રથમ ગુન્હો હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ:૨૬–ડી,૨૬–બી(૧), ૨૧(૧)(i) ના ભંગ બદલ લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ની કલમ–૨૨(એ) હેઠળ શિક્ષાને પાત્ર ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપીઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૩,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) તેમ મળી કુલ રૂા.૯,૦૦૦/–(અંકે રૂપિયા નવ હજાર પુરા) દંડની સજા કરવામાં આવે છે. આરોપીઓએ કુલ **રૂા.૧૮,૦૦૦/–(અંકે રૂપિયા અઢાર હજાર પુરા)** દંડ ભરવો.

(૨) આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–સુરત.
તા.૨૭/૦૩/૨૦૨૬

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
U.I.C. No.GJ01285
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અને ન્યાયાધીશ(એસ.ડી.),
શ્રમ અદાલત નં.૩, સુરત.